ભારતે એક ટેસ્ટમાં રેકોર્ડ 1014 રન બનાવ્યા, ગિલ 161 રન - પંત 65 રન - જાડેજા 69 રન

# ગિલની રેકોર્ડ સદી, ભારત બીજી ટેસ્ટ જીતવા માટે મજબૂત સ્થિતિમાં

**ભારત** બીજો દાવ: 6 વિકેટે 427 રન - ડિક્લેર

**ભારતે** ઈંગ્લેન્ડને 608 રનનો લક્ષ્યાંક આપ્યો

**દિવસના** અંતે ઈંગ્લેન્ડના 3 વિકેટે 72 રન



ભારતે શનિવારે અહીં રમાઈ રહેલી બીજી ક્રિકેટ ટેસ્ટના ચોથા દિવસે 6 વિકેટે 427 રન પર પોતાનો બીજો દાવ જાહેર કર્યો હતો અને ઈંગ્લેન્ડને જીતવા માટે 608 રનનો લક્ષ્યાંક આપ્યો હતો. ઈંગ્લેન્ડે જવાબમાં દિવસના અંત સુધી ત્રણ વિકેટ ગુમાવીને 72 રન બનાવી લીધા હતા.

સ્ટમ્પના સમયે, ઓલી પોપ 24 રન બનાવીને રમી રહ્યા હતા અને હેરી બ્રુક 15 રન બનાવીને રમી રહ્યા હતા. ઈંગ્લેન્ડને પાંચમા દિવસે જીતવા માટે 536 રનની જરૂર છે જ્યારે ભારતને જીતવા માટે ઈંગ્લેન્ડના બાકીના 7 ખેલાડીઓને આઉટ કરવાની જરૂર છે.

આ પહેલાં ગિલે (161 રન) ચાર ઈનિંગ્સમાં પોતાની ત્રીજી સદી ફટકારી, જેની મદદથી ભારતે બીજી ઈનિંગ્સમાં 427 રન બનાવીને ઈંગ્લેન્ડને 608 રનનો લક્ષ્યાંક આપ્યો. ગિલે લંચ બ્રેક પછી ગિયર બદલ્યા અને રન બનાવવાની ઝડપ વધારી અને પછી ટી બ્રેક પહેલા આ મેચમાં પોતાની બીજી સદી પૂર્ણ કરી.

ગિલે ટી બ્રેક પહેલા શોએબ બશીરની ઓવરમાં એક રન લઈને મેચમાં બે સદી ફટકારવાની સિદ્ધિ હાંસલ કરી. ગિલ ઉપરાંત કે એલ રાહુલ (55 રન) અને વાઈસ કેપ્ટન ઋષભ પંતે (65 રન) અને રવિન્દ્ર જાડેજાએ (અણનમ 69 રન) અડધી સદી ફટકારી હતી.

## ગિલે તોડ્યો ગાવસ્કરનો રેકોર્ડ

ગિલે એક ટેસ્ટમાં કુલ 430 રન બનાવી ગાવસ્કરનો 54 વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો હતો.

| ખેલાડી | રન | હરીફ ટીમ | વર્ષ |
|---|---|---|---|
| શુભમન ગિલ | 430 | ઈંગ્લેન્ડ | 2025 |
| સુનીલ ગાવસ્કર | 344 | વેસ્ટ ઇન્ડીઝ | 1971 |
| વીવીએસ લક્ષ્મણ | 340 | ઓસ્ટ્રેલિયા | 2001 |
| સૌરવ ગાંગુલી | 330 | પાકિસ્તાન | 2007 |
| વીરેન્દ્ર સેહવાગ | 319 | દ. આફ્રિકા | 2008 |

**ભારત પ્રથમ દાવ** 587

**ઈંગ્લેન્ડ પ્રથમ દાવ** 407

**ભારત બીજો દાવ**

| | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| જયસ્વાલ એલબી બો ટંગ | 28 | 22 | 6 | 0 |
| રાહુલ બો ટંગ | 55 | 84 | 10 | 0 |
| નાયર કો સ્મિથ બો કાર્સે | 26 | 46 | 5 | 0 |
| ગીલ કો એ બો બશીર | 161 | 162 | 13 | 8 |
| પંત કો ડકેટ બો બશીર | 65 | 58 | 8 | 3 |
| જાડેજા અણનમ | 69 | 118 | 5 | 1 |
| રેડ્ડી કો ક્રોલી બો રૂટ | 1 | 2 | 0 | 0 |
| સુંદર અણનમ | 12 | 7 | 1 | 1 |
| વધારાના | 10 રન | | | |
| કુલ 83 ઓવરમાં 6 વિકેટે 427 રન | | | | |

**વિકેટ પતન:** 1-51, 2-96, 3-126, 4-236, 5-411, 6-412

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| ક્રિસ વોક્સ | 14 | 3 | 61 | 0 |
| બ્રિડોન કાર્સે | 12 | 2 | 56 | 1 |
| જોસ ટંગ | 15 | 2 | 93 | 2 |
| બેન સ્ટોક્સ | 7 | 1 | 26 | 0 |
| શોએબ બશીર | 25 | 1 | 114 | 2 |
| જો રૂટ | 8.5 | 1 | 61 | 1 |

**ઈંગ્લેન્ડ બીજો દાવ**

| | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| ડકેટ બો આકાશદીપ | 25 | 15 | 5 | 0 |
| ક્રોલી કો સુદર્શન બો સિરાજ | 0 | 7 | 0 | 0 |
| ઓલી રમતમાં | 24 | 44 | 3 | 0 |
| રૂટ બો આકાશ દીપ | 6 | 16 | 1 | 0 |
| બ્રુક રમતમાં | 15 | 15 | 2 | 0 |
| વધારાના | 2 | | | |
| કુલ 16 ઓવરમાં 3 વિકેટે 72 રન | | | | |

**વિકેટ પતન:** 1-11, 2-30, 3-50

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| આકાશ દીપ | 8 | 1 | 36 | 2 |
| મોહમ્મદ સિરાજ | 5 | 1 | 29 | 1 |
| પ્રસિદ્ધ કૃષ્ણ | 3 | 0 | 6 | 0 |

### ગિલે સદી ફટકારી કેટલાંક રેકોર્ડ પોતાને નામે કર્યા

» ગિલ ત્રીજો ભારતીય બન્યો છે જેણે કેપ્ટન તરીકે એક ટેસ્ટની બંને ઈનિંગમાં સદી બનાવી હોય.

| ખેલાડી | હરીફ ટીમ, સ્થળ | વર્ષ |
|---|---|---|
| સુનિલ ગાવસ્કર | વેસ્ટઈન્ડિઝ, કોલકાતા | 1978 |
| વિરાટ કોહલી | ઓસ્ટ્રેલિયા, એડીલેડ | 2014 |
| શુભમન ગિલ | ઈંગ્લેન્ડ, એજબસ્ટન | 2025 |

» કોહલી બાદ ગિલ બીજો ખેલાડી છે જેણે કેપ્ટન તરીકે તેની પ્રથમ બે ટેસ્ટમાં 3 સદી ફટકારી હોય.

» ગિલ ત્રીજો ખેલાડી છએ જેણે એક જ ટેસ્ટમાં બેવડી સદી અને સદી ફટકારી હોય, આ કારનામો કરનાર તે સુનિલ ગાવસ્કર બાદ બીજો ભારતીય છે.

» ઈંગ્લેન્ડ સામે એજબેસ્ટન ટેસ્ટમાં શુભમન ગિલના 430 રન - 1990માં ગ્રેહામ ગૂચના ભારત સામે 456 રન પછી એક ટેસ્ટમાં બીજા ક્રમનો સૌથી વધુ સ્કોર.

» એલન બોર્ડરે પાકિસ્તાન સામે 150* અને 153 રન બનાવ્યા બાદ ગિલ એક ટેસ્ટમાં બે વખત 150થી વધુ રન બનાવનાર બીજો બેટ્સમેન છે.

» પંત બાદ ગિલ ઈંગ્લેન્ડમાં ટેસ્ટની બંને ઇનિંગ્સમાં સદી ફટકારનાર બીજા ભારતીય ખેલાડી છે.

» એજબેસ્ટન ટેસ્ટમાં ભારતે કુલ 1014 રન બનાવ્યા જે 2004માં ઓસ્ટ્રેલિયા સામે 916 રન કર્યા પછી ટેસ્ટમાં ભારતનો સૌથી વધુ સ્કોર. જ્યારે વૈશ્વિક ટીમોમાં આ ચોથો સૌથી વધુ સ્કોર છે અને છઠ્ઠી વખત કોઈ ટીમે 1000થી વધુ રન બનાવ્યા છે.

» ગિલ અને રવિન્દ્ર જાડેજા એક જ ટેસ્ટમાં સદી અને બેવડી સદીની ભાગીદારી કરનારી પ્રથમ ભારતીય જોડી છે.

» એજબેસ્ટન ટેસ્ટમાં ભારત માટે 4 સદીની ભાગીદારી થઈ હતી તે બધામાં ગિલ સામેલ હતો. તે એક ટેસ્ટમાં ચાર સદીની ભાગીદારીનો ભાગ બનનાર પ્રથમ ભારતીય અને એકમાત્ર પાંચમો બેટ્સમેન છે.

» ઈંગ્લેન્ડ પ્રવાસની પ્રથમ બે ટેસ્ટમાં ગિલના 585 રન - શ્રેણીની પ્રથમ બે મેચમાં બીજા ક્રમે સૌથી વધુ રન છે, 2003માં ગ્રીમ સ્મિથે 621 રન કર્યા હતા.

» ઈંગ્લેન્ડમાં ટેસ્ટમાં ઋષભ પંતે 24 છગ્ગા ફટકાર્યા જે કોઈ પણ દેશમાં મુલાકાતી બેટ્સમેન દ્વારા સૌથી વધુ છે.

# ગિલની બેવડી સદી જોવી એ એક લહાવો હતો



લેઈટ કટ

- સુનિલ ગવાસ્કર

ટીવી કોમેન્ટેટર બનવાનો એક લહાવો એ છે કે રમતમાં કેટલીક પ્રતિષ્ઠિત ક્ષણો જોવાની તક મળે છે. કારણ કે મને ભારતીય ટીમ ભાગ લેતી હોય તેવા કાર્યક્રમોના પ્રસારણમાં સામેલ થવાનું વધુ ગમે છે, તેથી મને યાદગાર ક્ષણો પણ રમતના મેદાન પરથી જોવાનું સૌભાગ્ય મળ્યું છે. આવી જ એક ક્ષણ મારી યાદીમાં ઉમેરાઈ જ્યારે યુવા ભારતીય કેપ્ટન શુભમન ગિલે ઉચ્ચતમ કક્ષાની બેવડી સદી ફટકારી હતી. જ્યારે કોઈ બેટ્સમેન આવી લાંબી ઇનિંગ્સ રમે છે, ત્યારે ઘણી વાર એવી ક્ષણો આવે છે જ્યારે તે થોડો અનિશ્ચિત અને થોડો ભાગ્યશાળી રહે છે. ગિલની ઇનિંગ્સમાં આવી કોઈ ક્ષણો ન હતી અને તેને કોઈ નસીબની જરૂર પડી ન હતી. તે એક દોષરહિત ઇનિંગ્સ હતી અને હિંમત કરીને કહું છું કે હેન્ડસમ ભારતીય કેપ્ટન કરતાં પણ વધુ સારી દેખાતી હતી. તેમાં ટેકનિકની શુદ્ધતા અને સ્ટ્રોકની વિવિધ શ્રેણી હતી. ઈંગ્લેન્ડના બોલરો પાસે તેની બેટિંગનો કોઈ જવાબ ન હતો અને તે ફક્ત એક થાકેલો શોટ હતો જેના કારણે તે ખરેખર શાનદાર ટ્રિપલ સેન્ચુરીથી 31 રન ઓછામાં આઉટ થયો. તે થાક કદાચ તેના સાથીના રન માટે તે જે રનિંગ કરી રહ્યો હતો તેના કારણે હોઈ શકે છે.

આ લખાય છે ત્યારે, ભારતે યજમાન ઈંગ્લેન્ડ પર નોંધપાત્ર સરસાઈ મેળવી લીધી હતી અને તેમાં ઉમેરો કરીને સિરીઝને બરાબરી કરવાનો પ્રયાસ કરવા માટે સારી સ્થિતિમાં દેખાઈ રહ્યું છે. મોહમ્મદ સિરાજ અને આકાશદીપે ખૂબ જ દિલથી બોલિંગ કરીને બધી 10 વિકેટ લીધી અને ભારતીય ક્રિકેટમાં આ એક દુર્લભ ઘટના હશે કે બે ફાસ્ટ બોલરોએ તેમની વચ્ચે બધી 10 વિકેટો વહેંચી હોય. હાલના સમયમાં સતત બીજી ટેસ્ટ મેચ માટે પાંચેય દિવસ રમત રમવી એ પણ ખૂબ જ દુર્લભ હશે. તેનો શ્રેય હેડિંગલીના લીડ્સ તેમજ બર્મિંગહામના એજબેસ્ટન સ્ટેડિયમના ક્યુરેટર્સને જાય છે જેમણે સારી ટેસ્ટ પિચો તૈયાર કરી હતી. સામાન્ય રીતે જ્યારે ભારત ઈંગ્લેન્ડમાં રમે છે, ત્યારે પિચ પર ઘણી ઘાસ બાકી રહે છે, પરંતુ જ્યારથી ભારતે નવા બોલ માટે એક ઘાતક કોમ્બિનેશન વિકસાવ્યું છે ત્યારથી પિચો પરથી ઘાસ ગાયબ થઈ છે. આજકાલ તમને ફક્ત આઉટફિલ્ડ અને વિમ્બલ્ડનના ટેનિસ કોર્ટ પર ઘાસ જોવા મળે છે.

વિમ્બલ્ડનની વાત કરીએ તો, આ વર્ષે પુરુષો અને મહિલાઓ બંને પ્રકારની સિંગલ્સ સ્પર્ધામાં ટોચના 10 ખેલાડીઓ માટે પહેલું અઠવાડિયું ખરાબ રહ્યું. ગયા મહિને ફ્રેન્ચ ઓપનની મહિલા સિંગલ્સ વિજેતા કોકો ગોફ પહેલા જ રાઉન્ડમાં બહાર થઈ ગઈ તે સૌથી મોટો આઘાત હતો. ગોફને આટલા બધા ડબલ ફોલ્ટ કરતા જોવું વિચિત્ર હતું. તે થોડી બેદરકાર પણ દેખાતી હતી. તે કદાચ એટલા માટે હશે કારણ કે ઈંગ્લેન્ડ અને ખાસ કરીને લંડન હીટવેવમાંથી પસાર થઈ રહ્યું છે જે ખેલાડીઓ માટે ખાસ કરીને ટુર્નામેન્ટની શરૂઆતમાં મુશ્કેલી ઉભી કરે છે. તે એવો પણ સમય છે જ્યારે ઘણા ખેલાડીઓ હાર્ડ કોર્ટ પર રમવા માટે ટેવાયેલા હોય છે, તેમને લીલાછમ ઘાસ લપસણી લાગે છે અને તેથી ઘણીવાર બોલ માટે દોડતી વખતે શંકાસ્પદ હોય છે જ્યારે નીચલા ક્રમાંકિત પ્રતિસ્પર્ધીને ઘાસ પર દોડીને શોટ મારવામા મુશ્કેલી પડતી નથી અને જો તેઓ પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન કરે તો ટુર્નામેન્ટમાં શરૂઆતમાં જ અપસેટ જોવા મળે છે.

સંકેતો એવા છે કે ફરી એકવાર કાર્લોસ અલ્કારાઝ અને યાનિક સિનર વચ્ચે ફાઇનલ હોઈ શકે છે. નોવાક જોકોવિચ નામનો એક 37 વર્ષીય ખેલાડી પણ છે જે પોતાની 25મા ગ્રાન્ડ સ્લેમની શોધમાં છે અને તેને એવા કોર્ટ પર ક્યારેય નકારી શકાય નહીં જ્યાં તેને લાગે છે કે બીજી મોટી જીત મેળવવાની તેની શ્રેષ્ઠ તક છે. 25મું ટાઇટલ એક પ્રકારની મજા છે જેમ મહાન સેરેના વિલિયમ્સને પણ આ અનુભવ થયો હતો.

શું જોકોવિચને પણ આ લાગણીનો અનુભવ થશે કે શું તે પોતાનો જાદુ ફરી શોધી કાઢશે? તે આવનારા દિવસોમાં આપણને જાણવા મળશે

# વિમ્બલડન: સબાલેન્કાએ શાનદાર વાપસી કરી રાડુકાનુ સામે જીત નોંધાવી

**2-4થી** પાછળ થયા બાદ સબાલેન્કાએ રાડુકાનુને 7-6, 6-4થી હરાવી



લંડન, તા. 5 (એપી): ટોચની સીડ ધરાવતી એરીના સબાલેન્કાએ વિમ્બલ્ડનમાં સ્થાનિક દાવેદાર એમ્મા રાડુકાનુની પ્રભાવશાળી સફરનો અંત વિમ્બલ્ડનમાં 7-6(6) 6-4થી જીત સાથે કર્યો.

ઓલ ઈંગ્લેન્ડ ક્લબમાં બે વખત સેમિફાઈનલમાં પહોંચેલી સબાલેન્કાએ શુક્રવારે રાત્રે 2021ની યુએસ ઓપન ચેમ્પિયન સામે બંને સેટમાં જોરદાર વાપસી કરી. 18 વર્ષની ઉંમરે યુએસ ઓપનમાં ક્વોલિફાયર તરીકે ટાઇટલ જીત્યા પછી રાડુકાનુ તેનું શ્રેષ્ઠ ટેનિસ રમી રહી હતી.

રાડુકાનુ 74 મિનિટના પહેલા સેટમાં એક સમયે 4-2થી આગળ હતી પરંતુ સબાલેન્કાએ આગામી 12 પોઈન્ટમાંથી 11 જીતીને 5-4ની લીડ મેળવી. રાડુકાનુ ત્યારબાદ ટાઈબ્રેકરમાં પણ 6-5થી આગળ હતી પરંતુ સબાલેન્કાએ શાનદાર વાપસી કરીને છેલ્લા ત્રણ પોઈન્ટ જીતીને સરસાઈ મેળવી.

ત્રણ વખતની ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયન સબાલેન્કાએ ત્યારબાદ બીજા સેટમાં બ્રિટેનની ખેલાડીને વધુ તક આપી ન હતી.

સબાલેન્કા સતત ત્રણ ગ્રાન્ડ સ્લેમ ટુર્નામેન્ટની ફાઈનલમાં પહોંચી છે, ગયા સપ્ટેમ્બરમાં યુએસ ઓપન જીતી હતી. તે જાન્યુઆરીમાં ઓસ્ટ્રેલિયન ઓપનમાં મેડિસન કીઝ અને જૂનમાં ફ્રેન્ચ ઓપનમાં કોકો ગૉફ સામે રનર-અપ રહી હતી.

## યાનિક સિનર પેડ્રો માર્ટીનેઝને હરાવી ચોથા રાઉન્ડમાં

**ડિફેન્ડિંગ** વિમ્બલ્ડન ચેમ્પિયન બાર્બોરા ક્રેજસિકોવા અને રીબાકીના હારીને બહાર થઈ

**મીરા** એન્ડ્રીવા આગામી રાઉન્ડમાં

લંડન, તા. 5: શનિવારે વિમ્બલ્ડનમાં પેડ્રો માર્ટિનેઝ પર જીત મેળવીને ટોચની સીડ ધરાવતો યાનિક સિનર સતત સાતમા ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટના ચોથા રાઉન્ડમાં પહોંચ્યો. તેણે 52મા ક્રમાંકિત ખેલાડી માર્ટિનેઝને 6-1, 6-3, 6-1થી હરાવ્યો.

શનિવારના સૌથી મોટા અપસેટમાં ડિફેન્ડિંગ વિમ્બલ્ડન ચેમ્પિયન બાર્બોરા ક્રેજસિકોવા ત્રીજા રાઉન્ડમાં 10મી સીડ ધરાવતી એમ્મા નાવારો સામે 2-6, 6-3, 6-4થી હારી ગઈ હતી.

બીજી બાજુ નંબર 11 અને 2022ની ચેમ્પિયન એલિના રીબાકીના ત્રીજા રાઉન્ડમાં નંબર 23 ક્લેરા ટૌસન સામે 7-6 (6), 6-3થી હારીને બહાર થઈ હતી. જ્યારે રશિયાની મીરા એન્ડ્રીવાએ યુનાઇટેડ સ્ટેટ્સની હેલી બાપ્ટિસ્ટને ૬-૧, ૬-૩થી હરાવીને આગલા રાઉન્ડમાં પ્રવેશ કર્યો.

### દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

**ઉનવા**

તકમરિયા કે ઈસપગોલ રાત્રે એક મોટી વાડકી પાણીમાં ભીંજવી સવારે સાકર નાંખી પીવું.

# શ્રીકાંત ટોચની સીડ ધરાવતા ચૌ ટિએન ચેનને હરાવી કેનેડા ઓપનની સેમિફાઈનલમાં

**શ્રીકાંતે** ચેનને 21-18, 21-9થી હરાવ્યો

**એસ** શંકર અને શ્રીયાંશી વલિશેટ્ટી પોતપોતાની મેચ હારી બહાર થયા



કેલગેરી, તા. 5 (પીટીઆઈ): ભારતના કિદામ્બી શ્રીકાંતે પોતાનું પ્રભાવશાળી પ્રદર્શન ચાલુ રાખ્યું અને ટોચના ક્રમાંકિત ચીની તાઈપેઈના ચૌ ટિએન ચેન સામે સીધી ગેમમાં જીત મેળવીને અહીં કેનેડા ઓપન સુપર-300 બેડમિન્ટન ટુર્નામેન્ટમાં પુરુષોની સિંગલ્સ સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો.

વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ભુતપૂર્વ સિલ્વર મેડલ વિજેતા અને આ વર્ષના મલેશિયા માસ્ટર્સના ફાઈનલિસ્ટ શ્રીકાંતે શુક્રવારે રાત્રે 43 મિનિટ સુધી ચાલેલા ક્વાર્ટર ફાઈનલ મુકાબલામાં વિશ્વમાં છઠ્ઠા ક્રમના ચેનને 21-18, 21-9થી હરાવ્યો હતો.

હાલમાં વિશ્વમાં 49મા ક્રમનો શ્રીકાંત હવે ફાઈનલમાં સ્થાન મેળવવા માટે જાપાનના ત્રીજી સીડ ધરાવતા કેન્ટા નિશિમોટોનો સામનો કરશે.

અગાઉ, 2022 વર્લ્ડ જુનિયર ચેમ્પિયનશિપ સિલ્વર મેડલ વિજેતા એસ. શંકર મુથુસામી સુબ્રમણ્યમે 79 મિનિટ સુધી ચાલેલા ક્વાર્ટર ફાઈનલ મુકાબલામાં નિશિમોટો સામે 15-21, 21-5, 17-21થી હારતા પહેલા પોતાના પ્રતિસ્પર્ધી સામે કઠિન પડકાર ફેંક્યો હતો.

મહિલા સિંગલ્સમાં શ્રીયાંશી વલિશેટ્ટીની ટુર્નામેન્ટમાં પ્રભાવશાળી સફર ડેનમાર્કની અમાલી શુલ્જ સામે હાર્યા બાદ સમાપ્ત થઈ હતી.

# ક્લબ વર્લ્ડકપ: ચેલ્સી સેમિફાઈનલમાં, પાલ્મેરાસનના વેવર્ટને આત્મઘાતી ગોલ કર્યો

ફિલાડેલ્ફિયા, તા. 5 (એપી): 83મી મિનિટે માલો ગુસ્ટોની કીક પર થયેલા આત્મઘાતી ગોલના કારણે ચેલ્સીએ પાલ્મેરાસને 2-1થી હરાવીને ક્લબ વર્લ્ડકપ ફુટબોલ ટુર્નામેન્ટની સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો હતો.

શુક્રવારે રાત્રે રમાયેલી મેચની 16મી મિનિટે કોલ પામરે ચેલ્સીને લીડ અપાવી હતી, પરંતુ 18 વર્ષીય એસ્ટેવાઓએ 53મી મિનિટે સ્કોર બરાબર કર્યો હતો.

શોર્ટ કોર્નર કિક પછી ગુસ્ટોનો શોટ ડિફેન્ડર ઓગસ્ટિન ગિયા અને ગોલકીપર વેવર્ટનથી અથડાઈને ગોલ પોસ્ટમાં ગયો, જે આખરે નિર્ણાયક સાબિત થયો. ફિફાએ તેને વેવર્ટનનો આત્મઘાતી ગોલ જાહેર કર્યો.

ચેલ્સી મંગળવારે ન્યૂ જર્સીના ઈસ્ટ રધરફોર્ડમાં સેમિફાઈનલમાં ફ્લુમિનેન્સનો સામનો કરશે. શુક્રવારે રમાયેલી પ્રથમ ક્વાર્ટર ફાઈનલમાં સબસ્ટિટ્યુટ હર્ક્યુલસે 70મી મિનિટે ગોલ કરીને ફ્લુમિનેન્સને અલ હિલાલ પર 2-1થી જીત અપાવી હતી.

# મહિલા T-20: રોમાંચક મેચમાં ઈંગ્લેન્ડે ભારતને હરાવી સિરીઝ જીવંત રાખી

**ઈંગ્લેન્ડની** મહિલા ટીમે આપેલા 172 રનના લક્ષ્યાંકના જવાબમાં ભારતીય ટીમ 166 રન બનાવી શકી



લંડન, તા. 5 (પીટીઆઈ): ભારતની બેટિંગ અંતિમ ક્ષણોમાં નિષ્ફળ ગઈ હતી જ્યારે ઈંગ્લેન્ડે પોતાનું ધૈર્ય જાળવી રાખ્યું હતું અને ત્રીજી મહિલા ટી-20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચમાં પાંચ રનથી જીત મેળવીને પાંચ મેચની સિરીઝ જીવંત રાખી.

શુક્રવાર રાત્રે કિયા ઓવલ ખાતે રમાયેલી મેચમાં બેટિંગ પતન અને નબળી ફિલ્ડિંગ છતાં, ઈંગ્લેન્ડ ભારતને જીતની હેટ્રિક નોંધાવવા અને સિરીઝમાં અજેય સરસાઈ મેળવવાથી રોકવામાં સફળ રહ્યું.

ઈંગ્લેન્ડે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો. સોફિયા ડંકલી (75) અને ડેની વ્યાટ-હોજે (66) પ્રથમ વિકેટ માટે 137 રનની ભાગીદારી સાથે શાનદાર શરૂઆત આપી, પરંતુ બાદમાં ઈંગ્લેન્ડે 25 બોલમાં 31 રનમાં 9 વિકેટ ગુમાવી દીધી અને આમ અંતે નવ વિકેટે 171 રન બનાવ્યા.

જવાબમાં, ભારત એક સમયે સારી સ્થિતિમાં દેખાતું હતું. સ્મૃતિ મંધાના (56) અને શેફાલી વર્માએ (47) અનેક જીવનદાનનો લાભ ઉઠાવ્યો અને પ્રથમ વિકેટ માટે 85 રન ઉમેર્યા.

# નીરજ ચોપડા બન્યો NC ક્લાસિકનો પ્રથમ વિજેતા

**આ** સ્પર્ધા નીરજ ચોપડા દ્વારા JSW સ્પોર્ટ્સના સહયોગથી યોજાઈ જેમાં 12 ખેલાડીઓએ ભાગ લીધો હતો

બેંગ્લુરુ, તા. 5 (પીટીઆઈ): ભારતીય ભાલા ફેંક સુપરસ્ટાર નીરજ ચોપરાએ શનિવારે 'NC ક્લાસિક' ખિતાબ જીત્યો, જેનાથી વિશ્વ કક્ષાની સ્પર્ધાનું આયોજન અને તેમાં ભાગ લેવાનું તેમનું સ્વપ્ન સાકાર થયું.

બે વખતના ઓલિમ્પિક મેડલ વિજેતા 27 વર્ષીય ચોપરાએ શ્રી કાંતીરાવા સ્ટેડિયમમાં તેમના માતાપિતાની હાજરીમાં ત્રીજા પ્રયાસમાં 86.18 મીટરના અંતર સાથે ખિતાબ જીત્યો. ચોપરાનો આ સતત ત્રીજો ખિતાબ છે. તેમણે અગાઉ પેરિસ ડાયમંડ લીગ (20 જૂન) અને ઓસ્ટ્રાવા, પોલેન્ડમાં ગોલ્ડન સ્પાઈક (24 જૂન) માં ખિતાબ જીત્યો હતો.

2025 ના વિશ્વ ચેમ્પિયન કેન્યાના જુલિયસ યેગો 84.51 મીટર સાથે બીજા સ્થાને રહ્યા હતા જ્યારે શ્રીલંકાના રુમેશ પાથિરાજ (84.34 મીટર) ત્રીજા સ્થાને રહ્યા હતા.

આ સ્પર્ધા ચોપરા દ્વારા JSW સ્પોર્ટ્સના સહયોગથી યોજાઈ હતી. તેને એથ્લેટિક્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા (AFI) દ્વારા મંજૂરી આપવામાં આવી હતી. નીરજ ચોપરા ક્લાસિક સ્પર્ધામાં 12 ભાલા ફેંકનારાઓએ ભાગ લીધો હતો, જેમાં સાત ટોચના આંતરરાષ્ટ્રીય ભાલા ફેંકનારાઓનો સમાવેશ થાય છે. ચોપરા સહિત પાંચ ભારતીય ખેલાડીઓએ પણ આમાં પડકાર ફેંક્યો હતો. વર્લ્ડ એથ્લેટિક્સે NC ક્લાસિકને શ્રેણી-A નો દરજ્જો આપ્યો છે.

# સૂર્યવંશી યુવા વન-ડેમાં સૌથી ઝડપી સદી ફટકારનાર બેટ્સમેન બન્યો

**ભારતીય** અન્ડર-19 ટીમે સિરીઝ જીતી

વાર્સેસ્ટર, તા. 5: પ્રતિભાશાળી વૈભવ સૂર્યવંશીએ પોતાની મજબૂત બેટિંગથી પ્રભાવિત કરવાનું ચાલુ રાખ્યું અને યુવા વનડે મેચમાં સૌથી ઝડપી સદી ફટકારી, જેની મદદથી ભારતની અંડર-૧૯ ટીમે શનિવારે અહીં ચોથી મેચમાં ઈંગ્લેન્ડને ૫૫ રનથી હરાવીને સીસિઝ જીતી હતી.

ભારતીય અંડર-૧૯ ટીમે આમ પાંચ મેચની શ્રેણીમાં ૩-૧ની અજેય લીડ મેળવી.

IPL ૨૦૨૫માં શાનદાર પ્રદર્શન કરનાર સૂર્યવંશીએ ૫૦ ઓવરના ફોર્મેટમાં પણ પોતાની ક્ષમતા સાબિત કરી. તેણે માત્ર ૭૮ બોલની ઈનિંગમાં ૧૩ ચોગ્ગા અને ૧૦ છગ્ગાની મદદથી ૧૪૩ રન બનાવ્યા. આ દરમિયાન, તેનો સ્ટ્રાઈક રેટ ૧૮૩ હતો, જેની મદદથી ભારતે નવ વિકેટે ૩૬૩ રન બનાવ્યા. ત્યારબાદ ઈંગ્લેન્ડની ટીમ ૪૫.૩ ઓવરમાં ૩૦૮ રનમાં ઓલઆઉટ થઈ ગઈ. નમન પુષ્પકએ ૬૩ રનમાં ત્રણ વિકેટ લીધી.

સૂર્યવંશીએ 52 બોલમાં પોતાની સદી પૂરી કરીને યુવા વન-ડેમાં સૌથી ઝડપી સદીનો રેકોર્ડ તોડ્યો છે. આ રેકોર્ડ પહેલા પાકિસ્તાનના કામરાન ગુલામના નામે હતો. ગુલામે 2013માં ઈંગ્લેન્ડ સામે 53 બોલમાં આ સિદ્ધિ મેળવી હતી. ભારતીય ખેલાડીઓમાં, આ રેકોર્ડ રાજ અંગદ બાવાના નામે હતો જેણે 2022માં અંડર-19 વર્લ્ડ કપમાં યુગાન્ડા સામે 69 બોલમાં સદી ફટકારી હતી. આ સાથે જ તે યુવા ક્રિકેટમાં સૌથી ઓછી ઉંમરમાં સદી ફટકારનાર બેટ્સમેન બન્યો છે, તેણે 14 વર્ષ અને 100 દિવસમાં વન-ડે સદી ફટકારી છે.

## આજનું પંચાંગ

**તા. 06/07/2025, રવિવાર**

**વિક્રમ સંવત :** 2081 **શાકે :** 1947
**વીર સંવત :** 2551 **માસ :** અષાઢ
**તિથિ:** સુદ: અગિયારસ: 21:16 દેવશયન એકાદશી (દ્રાક્ષ) **અયન :** દક્ષિણાય
**ઋતુ :** વર્ષા **રાષ્ટ્રિય દિનાંક :** અષાઢ: 15
**યોગ :** સાધ્ય **કરણ:** વણિજ
**નક્ષત્ર :** વિશાખા: 22:42
**રાશિ:** તુલા (ર,ત) 16:02 પછી વૃશ્ચિક (ન,ય)
**દિવસ :** મિશ્ર ચતુરમાસ-પ્રારંભ, પંઢરપુર યાત્રા, સૌરાષ્ટ્રમાં મોળકમત પ્રારંભ મોહરમ-તાજિયા
**સુરતમાં સૂર્યોદય :** 06:04 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:23
**નવકારસી :** 06:52
**પારસી વર્ષ :** 1394, બહમન માસનો 26મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447, મોહરમ માસનો 10મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ,
**રાત્રિનાં ચોઘડિયાં:** શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ,
**રાહુ કાળ :** સવારે: 16:30 થી 18:00 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** સામાજીક કાર્યક્રમમાં માન-સન્માન મળે. કાર્યસિધ્ધિથી ઉત્સાહ વધે. કૌટુંબિક કામમાં સફળતા મળે.

**વૃષભ (બ,વ,ઉ,):** સરકારી કામમાં સહકાર મળે. વિજાતિય આવેગ ગેરસમજ પેદા કરે. હરીફોથી સાવધાન રહેવું.

**મિથુન (ક,છ,ઘ,):** ઉચ્ચ-કક્ષાના લોકોને મળવાથી નવુ શીખવા મળે. આવક વધારવા માટે મિત્રો વગેરેની મદદ મળે.

**કર્ક (ડ,હ,):** ઘરમાં સુખ-સગવડનાં સાધનો પાછળ ખર્ચ વધે. નોકરી-ધંધાર્થે પ્રવાસમાં અનુકૂળતા રહે મદદ મળે.

**સિંહ (મ,ટ,):** મિત્રો સાથે ધંધા-વ્યવસાયની યોજનામાં મદદ મળે. પ્રવાસ, દલાલી, ટ્યુશન જેવાં કામમાં પ્રગતિ થાય.

**કન્યા (પ,ઠ,ણ,):** પરિવારમાં ખુશીનું વાતાવરણ રહે. ઉઘરાણી આવે. વારસાગત અને મોજ-શોખના ધંધામાં લાભ થાય.

**તુલા (ર,ત,):** વાણીથી કાર્ય સફળતા મળે. માર્કેટિંગ અને ખાણી-પીણીના ધંધામાં અચાનક નવી યોજના બને..

**વૃશ્ચિક (ન,ય,):** પ્રવાસમાં કોઇની વાતમાં આવવુ નહીં. વિદેશનાં કામમાં લાભ થાય. મોજ-શોખના ધંધામાં લાભ થાય.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** ઉચ્ચ કક્ષાના લોકોનો સાથ મળે. મિત્રો સંતાનો અને ભાઇ-બહેનના કામમાં મદદરૂપ થશો. પ્રેમમાં તાલમેળ વધે.

**મકર (ખ,જ,):** કામની કદર થાય. ધંધામાં આર્થિક લાભ થાય. નવી નોકરી માટેની યોજનામાં વડીલોની મદદ મળે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** અચાનક કોઇ ભેટ મળે કોઇ મહત્ત્વની વ્યક્તિને મળવાનું બને. શુભ સમાચારથી ઉત્સાહ વધે.

**મીન (દ,ચ,ઝ,થ,):** ધાર્મિક કામમાં શાંતિ મળે. લોકોને મદદરૂપ બનશો. આરોગ્ય અને કોર્ટ-કચેરીનાં કામમાં પ્રગતિ થાય.

### કોઇ પણ સાલમાં 06 જુલાઈએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરી-ધંધા, વ્યવસાયમાં ટેકનોલોજી અને સરકારી યોજનાનો લાભ મળે. નવા ફેરફારથી નવી જવાબદારી અને પ્રમોશન કે સ્થાનફેરથી કામનો બોજ વધશે. નવી નોકરીની સફળતા મળે. સરકારી નોકરીના યોગ બને છે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં લાભથી ઉત્સાહ વધશે. સમાજમાં યશ મળે. ઉંમરલાયકના વિવાહ થાય. નવા ઘર, વાહન, મકાન, મિલકત, વારસા તથા જમીન વગેરે કામ વર્ષ દરમિયાન ચડતી પડતી સાથે થતાં રહેશે. ઉઘરાણીની ચિંતા સતાવે. વિદેશનાં કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. સંતાનોના કામમાં વડીલો-મિત્રો મદદરૂપ બનશે. યાત્રા-પ્રવાસ ધર્મ કર્મથી શાંતિ મળે. એપ્રિલ-મે તથા સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં આવક વધારવાની યોજના પાર પડશે. જુલાઇ ઓગસ્ટમાં નોકરી ધંધામાં હરીફો હેરાનગતિ વધારશે.

**જાહેર હરાજી**

આથી લાગતા -વળગતાને જણાવવાનું કે સુલપડ મુખ્ય પ્રાથમિક શાળા, વાપી, તા-વાપી જિ-વલસાડ ના શાળાનાં જૂના મકાનના ૫ ઓરડા તથા એક ટોયલેટ તોડી પાડી કાટમાળની હરાજી તારીખ-11/07/2025 ને શુક્રવારના રોજ બપોરે ૧૨-૦૦ કલાકે રાખવામાં આવેલ છે. જેમા રસ ધરાવતા ઈસમોએ નીચેના સ્થળ અને હાજર સમયે હાજર રહેવું. હરાજીની શરતો સ્થળ પર જણાવવામાં આવશે.
સ્થળ - સુલપડ મુખ્ય પ્રાથમિક શાળા, વાપી, તા-વાપી
સમય - ૧૨-૦૦ કલાકે
નં. માહિતી/વલસાડ/૨૮૪/૨૦૨૫

**સુરત મહાનગરપાલિકા**
:: જાહેરાત ::
FIT INDIA

સુરત મહાનગરપાલિકા અમલીકૃત દીનદયાળ અંત્યોદય યોજના-રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન (DAY-NULM) યોજના અંતર્ગત રચાયેલ સ્વ-સહાય જૂથો/ ALF/CLFના સભ્યોને સ્વરોજગાર પૂરો પાડી શકાય તે હેતુથી તા.૦૧/૦૮/૨૦૨૫ થી તા.૦૯/૦૮/૨૦૨૫ દરમ્યાન "રાખી મેળા-૨૦૨૫" નું વિવિધ સ્થળો ખાતે આયોજન કરવાનું નક્કી કરેલ છે. જેથી સ્ટોલ મેળવવા રસ ધરાવતા DAY-NULM યોજના હેઠળ રચાયેલ જૂથ/ જૂથના સભ્યોને તા.૧૫/૦૭/૨૦૨૫ સુધીમાં યુ.સી.ડી. કચેરી ખાતે રવિવાર અને જાહેર રજા સિવાયના દિવસે સવારે ૧૦:૩૦ થી સાંજે ૬:૧૦ દરમ્યાન નિયત ફોર્મમા અરજી કરવા જણાવવામાં આવે છે. અરજી ફોર્મ યુસીડી વિભાગની કચેરી તથા સુરત મહાનગરપાલિકાની નીચે જણાવેલ વેબસાઈટ પરથી વિનામૂલ્યે મેળવી શકાશે. ઝોનવાઈઝ નિર્ધારિત કરેલ સ્ટોલ કરતા વધુ જૂથ/ સભ્યો ધ્વારા અરજી કરવામાં આવશે તો ડ્રો પધ્ધતિથી સ્ટોલની ફાળવણી કરવામાં આવશે.
www.suratmunicipal.gov.in
પી.આર.ઓ. નં. /૨૦૨/૨૦૨૫-૨૬ આસી.મ્યુનિ કમિશ્નર
તા. ૦૫/૦૭/૨૦૨૫ સુરત મહાનગરપાલિકા
વધુ માહિતી તથા અરજી કરવા સંપર્ક કરો.
યુસીડી વિભાગ, રાયકા સર્કલ, મહાલક્ષ્મી ઇન્ડસ્ટ્રીઝ સોસાયટી પાસે, ઉધના, સુરત.
સંપર્ક નં.૬૩૫૯૯૦૯૯૨૨